# પાટણ પ્રતિબિંબ

વર્ષ ૭ • અંક ૨ • સળંગ અંક ૭૩ • મુંબઈ • ડિસેમ્બર, ૨૦૧૨ • પાના ૧૬ • છૂટક નકલ રૂા. ૨/–

• RNI. Regd. No. MAHGUJ/2006 / 18379

**શ્રી પાટણ જૈન મંડળનું મુખપત્ર**

ટેલિફોન : 2281 1346 • ટેલિફેક્સ : 22811218 • www.patanmandal.org • Email : patanmandal@gmail.com


## પ્રમુખસ્થાનેથી...

સ્નેહી સ્વજન,

જય જિનેન્દ્ર !

*પવનની લહેરનું લાસ્ય બધાને ગમે,*
*જ્વાળામુખીના વૃક્ષ પર માળો કોણ બાંધે ?*
*શાંત આત્માનો શામક, વિદ્રોહકનો દાહક,*
*અવાજનો પડઘો સદા સર્વત્ર રણકે !*

પ્રત્યેક પ્રભાત નવી શક્યતા અને તક લઈને આવે છે. પ્રત્યેક મનની એક મોહિની છે. જેની પાસે અભિવ્યક્તિનો સ્પષ્ટ જાદુ છે. અને તે જ આપણા અંતઃકરણમાં પ્રવેશી મૂંઝવણમાં માર્ગદર્શન આપી સમગ્ર જિંદગી પુષ્પની સુવાસથી છલકાવે છે. જીવનની કરૂણતા એ છે કે આપણે જ આપણા મનને ઓળખતા નથી. મન જિદ્દી અને માલિકી વૃત્તિવાળું હોવાને કારણે તેનું રૂપાંતર કરતાં આવડવું જોઈએ. કદાચ તેથી જ મન બંધન પણ છે અને મુક્તિ પણ !

ઈશ્વરે કોઈ પણ માનવીને બીબાંઢાળ રીતે ઢાળ્યો નથી. સાહસિક માનવીને પ્રારબ્ધ અચૂક મદદ કરે છે. સલાહ એ તો સંમતિ લેવાનું બહાનું બને છે ત્યારે ભેદી મૌન એક અમોઘ શસ્ત્ર બને છે. સમર્થ અને અનુભવી વ્યક્તિઓ અને વિભૂતિઓ એક જ વાક્યમાં જીવનના સત્ય, તથ્ય અને વાસ્તવિકતાને પ્રગટ કરે છે, તેમાં સંસારનો સાર હોય છે, પણ આધ્યાત્મિકતાનો ભાર નથી હોતો. આવા વાક્યો દીવાદાંડીની ગરજ સારે છે. આત્મિયતાને શબ્દોની ગરજ પડતી નથી. સાચી લાગણી શબ્દની આશ્રીત હોતી નથી.

એપણે સૌ વિચારોની બાબતમાં મુક્ત છીએ. વસંત સર્વત્ર સૌંદર્યમય હોય જ છે. આચાર વિનાનું અઢળક જ્ઞાન વાંઝીયું છે. જ્યારે આચારમાં મૂકી શકાય તેવું થોડું જ્ઞાન વધારે ઉત્તમ છે. માનવીનો ચહેરો એક અદ્ભુત અરિસો છે અને માટે જ સ્મૃતિ અને સ્મરણ સદૈવ તેની આસપાસ ઘૂમતા રહે છે. ખુમારી ભર્યા આત્મવિશ્વાસમાંથી નમ્રતા પ્રગટે છે ત્યારે હઠાગ્રહનો અંજામ હતાશા જ હોય છે. વધુ પડતી એષણા ખતરનાક અસાધ્ય વ્યસનમાં ફેરવાય છે અને તે જ સમસ્ત માનવજાતના અશાંત અને દુઃખમય જીવનનું એક ઉઘાડું રહસ્ય છે.

વર્તમાનની ક્ષણોને આત્મસાત કરી યથાર્થ જીવન જીવનારનો ભૂતકાળ સમૃદ્ધ અને ભાવિ ઉજ્જવળ છે. સુખનું કેન્દ્રબિન્દુ અપેક્ષા નહીં ફરજ અને દાન છે. સદ્ભાવનાનો પ્રતિભાવ આપોઆપ પ્રાપ્ત થાય છે અને જીવન સત્કાર્યોની મહેકથી મહોરી ઉઠે છે. વિવેકબુદ્ધિ અને સદાચરણ નિરંતર માનસિક શાંતિ વધારે છે. અનિવાર્ય વિપત્તિ અને પ્રતિકૂળતાને પણ તેની મર્યાદા હોય છે. ક્ષણાર્ધ વધુ સમય માટે પણ તે રોકાતા નથી. યથાર્થ ધ્યેય પ્રાપ્તિ માટે અપૂર્વ ઈચ્છાશક્તિ, હકારાત્મક અભિગમ અને આત્મબળની ગહન આવશ્યકતા છે. ઋષિના કૂળ કે નદીના મૂળ શોધવાની કે સમજવાની ખેવના છોડી, સત્કર્મો અને સત્કાર્યો થકી જીવનને, સંસ્થાને અને સમાજને દેદિપ્યમાન બનાવીએ.

> **શ્રી પાટણ જૈન મંડળના દ્વિશતાબ્દી પ્રવેશની ઉજવણીમાં સહભાગી થવું તે આપણા સૌની નૈતિક ફરજ છે.**
>
> વધુ વિગત માટે આ મુખપત્રના પાના નંબર ૨ તથા ૭થી૧૦ ઉપરવાંચશો
>
> **વ્યવસ્થાપક સમિતિના કાયમી સભાસદ બનવા માટે તા. ૧–૪–૨૦૧૩ થી દાનની રકમ રૂા. એક લાખથી વધારી રૂા. બે લાખ કરવાનો નિર્ણય વ્યવસ્થાપક સમિતિ દ્વારા લેવામાં આવ્યો છે.**

### પરિવાર પરિચય (વસતીપત્રક)

આપને વિદિત છે જ **શ્રી પાટણ જૈન મંડળ**ના દ્વિશતાબ્દી પ્રવેશના પ્રારંભમાં જ આપણે વસતીપત્રક પ્રકાશિત કરવાનું સુનિશ્ચિત કરેલ છે. સમાજ સેવાના વિવિધ ક્ષેત્રે આપણી સંસ્થા સમર્પિત અને અદ્વિતીય કાર્ય કરી રહી છે. હકીકતમાં **શ્રી પાટણ જૈન મંડળ સૂર્યની ઉષ્મા અને ચાંદનીની સુષ્મા સમાજને નિરંતર આપી રહેલ છે.** વર્તમાન પરિસ્થિતિને અનુરૂપ આપણે શિક્ષણ તથા તબીબીક્ષેત્રે સવિશેષ સહાય કરી રહ્યા છીએ.

હિતચિંતક ઉદારદિલ દાતાઓ તથા સમસ્ત સમાજને મારું નિવેદન

છે કે, આ જ મુખપત્રમાં અન્યત્ર છપાયેલ **'નમ્ર વિનંતી'** અંતર્ગત વસતીપત્રકમાં યથાયોગ્ય જાહેરખબર દ્વારા સહયોગ આપી સંસ્થાનું ચિરંતન વસંતમાં રૂપાંતર કરશો. સંસ્થા સાથેના ઋણાનુબંધથી બંધાયેલા આપણા સૌની નૈતિક ફરજ અદા કરવાનો આ એક અનન્ય અને અણમોલ લ્હાવો છે.

**દાન પ્રવાહ :**

હાલ મુંબઈ ચોપાટી સ્થિત **શ્રી ચંદ્રકાંતભાઈ કાંતિલાલ ઝવેરી** (ઢંઢેરવાડો) તરફથી **શ્રીમતી કમળાબેન કાંતિલાલ ઝવેરી** તથા **શ્રી કાંતિલાલ પ્રભુદાસ ઝવેરી**ના સ્મરણાર્થે મંડળના રીવોલ્વીંગ ફંડ (એજ્યુકેશન) ખાતે રૂપિયા પાંચ લાખ સંસ્થાને પ્રાપ્ત થયેલ છે. સંસ્કારસ્વામી ઉદારદિલ દાતા શ્રી ચંદ્રકાંતભાઈ જણાવે છે કે, **'આપણી સંસ્થા જ્યારે દ્વિશતાબ્દી વર્ષમાં પ્રવેશ કરી રહી છે, ત્યારે હું તથા અમેરિકા રહેતો મારો પુત્ર ચિ. સમીર ઝવેરી પ્રતિબિંબના માધ્યમથી સંસ્થાની પ્રવૃત્તિઓ વિશે સતત માહિતગાર રહ્યા છીએ. સ્વેચ્છાએ ઋણાનુબંધથી પ્રેરાઈ અમે આ પુષ્પપાંદડી પાઠવી રહ્યા છીએ.'** સંસ્થા તેઓની સાભાર ભૂરિ ભૂરિ અનુમોદના કરે છે.

ચાલો, સૌમ્યતાની સોનપરીને સડસડાટ સરકાવીએ. કમ્ફર્ટ અને કોન્ફીડન્સ આપોઆપ આવશે. આપણે પડઘાતી સ્મૃતિ થકી અનુભવની વાણી અને વાણીનો અનુભવ મેળવવાના પ્રયત્નો કરીએ. અજાણ ઘટનાઓ સમયના ચક્ર પર ઉભેલી છે. તેથી જ પગલે પગલે પ્રલોભનો સુખનો આભાસ આપી દુઃખમાં ડૂબાડે છે. તૃષ્ણા અને તેની પરિતૃપ્તિનો પુરુષાર્થ સર્વ આપત્તિઓનું મૂળ છે. માટે જ **હાથે તે સાથે, શુભસ્ય શીઘ્રમ્ !!**

આભાર...!!

☐ **પ્રમુખ અને મેનેજિંગ ટ્રસ્ટી**
**શ્રી પાટણ જૈન મંડળ**

## ડેપ્યુટી મેનેજર જોઈએ છે

શ્રી પાટણ જૈન મંડળ ૧૦૦ વર્ષથી મુંબઈ અને પાટણમાં અનેકવિધ પ્રવૃત્તિઓ કરતી સામાજિક સંસ્થા છે. તેના વિશાળ કાર્યભાર માટે ૪૦ થી ૪૫ વર્ષની વયના વહીવટી, હિસાબી અને ગુજરાતી તથા અંગ્રેજીમાં સ્વતંત્ર રીતે પત્રવ્યવહાર કરી શકે તેવા કોમ્પ્યુટરના જાણકાર સક્ષમ સ્નાતક, ભવિષ્યમાં મેનેજરની જવાબદારી સંભાળી શકે તેવા, સેવા ભાવનાવાળા, સંસ્થાકીય કાર્યોના અનુભવી યુવક ભાઈ જોઈએ છે. સંપૂર્ણ બાયોડેટા, અપેક્ષિત પગાર તથા અન્ય વિગતો સાથે નીચેના સરનામે અરજી મોકલવા વિનંતી.

**શ્રી પાટણ જૈન મંડળ**
૭૭, પાટણ જૈન મંડળ માર્ગ
મરીન ડ્રાઈવ, મુંબઈ-૪૦૦૦૨૦.
ફોન : ૨૨૮૧૧૩૪૬.
Email : patanmandal@gmail.com

## દ્વિશતાબ્દી પ્રવેશ ઉજવણી અને વસતીપત્રક પ્રકાશન ફંડ માટે વસતીપત્રકમાં જાહેરખબર દ્વારા આર્થિક સહયોગ નોંધાવનારાઓની યાદી

આપ મહાનુભાવોને વિદિત છે જ કે, આપણી માતૃસંસ્થા શ્રી પાટણ જૈન મંડળે દીર્ઘકાલીન રચનાત્મક અને પરિણામલક્ષી સેવા અને સાધના થકી ૧૬ ડિસેમ્બર, ૨૦૧૨ ના રોજ શતાબ્દી વર્ષ પૂરું કરી દ્વિશતાબ્દીમાં પ્રવેશ કર્યો છે.

સંસ્થાના હોદ્દેદારો અને વ્યવસ્થાપક સમિતિએ સમાજના દરિયાવદિલ દાતાઓ તથા સમર્પિત કાર્યકરોના સાથ સહકાર સાથે દ્વિશતાબ્દી પ્રવેશની ઉજવણી કરવાનું સુનિશ્ચિત કરેલ છે. ઉજવણીના ખર્ચને પહોંચી વળવા પરિવારની સ્મૃતિ રૂપે કે ધંધાકીય જાહેરાત રૂપે શતાબ્દી વસતીપત્રકમાં જાહેરાત સ્વીકારવાનું નક્કી કરેલ છે. આજ અંકમાં અન્યત્ર જાહેરખબર માટેનો વિનમ્ર વિનંતી પત્ર આપેલ છે. આવી જાહેરખબર (4 colour advertisement on art paper) દ્વારા સંસ્થાને અત્યાર સુધી આર્થિક સહયોગ મોકલનારાઓની યાદી:

### મુખ્ય પ્રણેતા

**● Back Cover Page : Rs. 5,00,000/-**

- Smt. Pannaben Kapurchand Sonawala

### સહયોગી પ્રણેતા

**● Inside Cover Page (8"x11") : Rs. 2,50,000/-**

- Precision Bearing Pvt. Ltd.
- New India Construction Co.

### શુભેચ્છક

**● Full Page (8"x11") : Rs. 1,00,000/-**

- Patan Co-op. Bank Ltd.
- Sevantilal Kantilal & Co.
- Pradipkumar Pharma Pvt. Ltd.
- Mihir Engineers (Pvt.) Ltd.
- K. Sevantilal & Co.
- Axis Electricals [Kandarpbhai Khandwala]
- Sureshbhai Amrutlal Shah (Bhabha no Pado)
- Foto Fast
- Shubhada Polymers Pvt. Ltd.
- Rushabh Sambhav Group
- Micron Platers
- Navinchandra Ghabhruchand Shah Parivar
- Machine Tools Traders – Madras
- Dr. Jashvantlal Manilal Shah (Bhabha no Pado)
- Munnabhai Chandulal Shah
- Vasu Chemicals
- Smt.Shardaben Mahendrabhai Rikhavchand Shah Parivar

**● Strip (8"x1.25") : Rs. 15,000/-**

- Shri. J. K. Shah & Family
- Pharmica
- Nehaj Enterprise
- Janak Arvindkumar Shah
- M/s. Shubhada Enterprise
- Shri Vikrambhai Nemchand Shah
- Smt. Nirmalaben Ravindrabhai Shah Parivar

**ખાસ નોંધ : એકત્રિત થનાર કુલ ફંડમાંથી નિર્ધારેલ ખર્ચ બાદ કરતાં જે રકમ વધશે તેને સમાજ વિકાસ ફંડ-ભેટ ખાતે લઈ જવામાં આવશે.**

## તંત્રીસ્થાનેથી...

*પ્રભાતના પારેવા કલરવ કરી જુઓ ચહેકી રહ્યા,*
*અજ્ઞાત મીઠા તેના સ્પર્શે મારા રોમ રોમ મહેંકી રહ્યા !*

આપણી માતૃસંસ્થા **શ્રી પાટણ જૈન મંડળ** ઝીલમીલ થતાં ઝળહળતા દ્વિતીય શતાબ્દી વર્ષના પ્રાંગણમાં પ્રવેશી ચૂકી છે. સ્વાભાવિક છે કે એકમેક સાથે વિચારગોષ્ઠિ કરી ગમતાનો ગુલાલ કરીએ. સૌ પ્રથમ તો આપ સૌ મિત્રો તથા વડીલોને હાર્દિક શુભેચ્છા સહ અભિનંદન !

કોઈ પણ સમાજની પ્રગતિ અને પ્રેરણા માટે પ્રચારક અને સુધારક કરતાં વિચારક અને વિધાયક સવિશેષ મહત્ત્વ અને મહાત્મ્ય ધરાવે છે. પ્રસંગોપાત સમાજના રોગની નાડી દીર્ઘદષ્ટિથી પારખી શ્રદ્ધાપૂર્વક હકારાત્મક અભિગમ અપનાવી ગહન અને સઘન પ્રયત્નો થકી વિચાર-વિમર્શ ચોક્કસપણે આવશ્યક છે. આયોજન, આત્મિયતા, સાદ અને પ્રતિસાદ ગમે તેવા કઠણ કે મુશ્કેલ કાર્યોને સરળ, સહજ અને સ્વાભાવિક બનાવે છે. પ્રત્યેક વ્યક્તિની આત્મવંચના અને વિચાર-વૈવિધ્ય સાથે સુભગ સમન્વય થકી મૌલિકતાની મુદ્રા આપોઆપ પ્રગટે છે.

સમાજના લક્ષ્મીપતિઓ અને ધનકુબેરોના અભૂતપૂર્વ યોગદાન અને પારદર્શક વ્યવહારિક અભિગમ, સમર્પિત ટ્રસ્ટીગણ, હોદ્દેદારો, કાર્યકરો અને કાર્યાલયના સંનિષ્ઠ સભ્યો થકી આપણી સંસ્થા પ્રગતિની ઉચ્ચ શિખાને આંબી ચૂકી છે; માટે જ આપ સૌ સફળતાના સારથિ છો. વર્તમાન અનિયંત્રિત વિકટ સંજોગો અને બદલાતા સમીકરણોને અનુલક્ષી અવિરત જાગૃતિ અને સક્રિયતા દ્વારા વિવિધ સામાજિક ભયસ્થાનો, અનિશ્ચિતતા અને નિષ્ક્રિયતાને ખંખેરી ખભેખભા મિલાવી સહિષ્ણુતાપૂર્વક નૂતન અતૂટ પગદંડી કંડારવાની તાતી જરૂર છે.

સાધના, શ્રદ્ધા, સંકલ્પો અને સમર્પિત કાર્યકરોના કાર્યનું સરવૈયું અવિસ્મરણિય પ્રગતિ અને સમૃદ્ધિના સોપાનો સર કરવાની અદ્વિતિય ક્ષમતા ધરાવે છે. વ્યર્થ વ્યથાના વમળોને વાગોળ્યા કરતાં વર્ગીકરણથી અલિપ્ત રહી સચોટ સહકાર્ય આપણને સૌને આત્મસંતોષનો આવિર્ભાવ કરાવે છે. અશક્યને અવકાશ આપ્યા વગર હૈયામાં ઈશ્વરની હયાતીના હસ્તાક્ષરના પડઘા આપોઆપ પડશે. વિચારશૂન્યતા કરતાં આચારશૂન્યતા વિરાટ અને વિચક્ષણ સાર્વજનિક સંકટને નોતરે છે. માનવીને મળતી સતત સફળતા થકી તેની બુદ્ધિમત્તા અને પ્રારબ્ધ પર વિશ્વાસ બેસે છે. સંપત્તિની વિપુલતાએ આપણને અહંકારની બક્ષિસ આપી છે અને સફળતાની હારમાળાએ આપણને અન્યોની ઉપેક્ષા કરવાનું શીખવ્યું છે. અગણિત વ્યક્તિઓ અને સંસ્થાના સહયોગે આપણે વર્તમાન પ્રગતિને પંથે પહોંચી શક્યા છીએ. આપમી પાસે જે કાંઈ છે તે માત્ર આપણા પુરુષાર્થને જ આભારી નથી.

ગરીબ કે ધનિક બંને પાસે પોતાની સંપત્તિના માત્ર બે જ વિકલ્પો છે કાં તો આપીને જાવ કાં તો છોડીને જાવ. સાથે લઈ જવાનો ત્રીજો વિકલ્પ કુદરતે આપણા માટે છોડ્યો જ નથી. આપણી પાસે ભલે હીરા, મોતી કે જર ઝવેરાત હોય, પણ જીવવાનું છે ઘઉં, ચોખા, જુવાર, બાજરી સાથે જ. નદીમાં હોડકાને તરતું મુકનાર ખલાસીની દૃષ્ટિ રાત્રીએ ધ્રુવતારક તરફ હોય પરંતુ હોડકાને પાણી પર જ તરવાનું છે એનો ખ્યાલ ખલાસીને હોવો જ જોઈએ. નિખાલસતા, સ્વાર્પણ અને આત્મનિરીક્ષણ સમર્પણનું પહેલું પગથિયું છે. આપણા ખમીર, ખુમારી અને સમાધાનકારી પ્રતિબદ્ધતા સમાજની અને સંસ્થાની પ્રગતિને પોષે છે અને પોંખે છે. માનવીનું મન મર્કટ જેવું છે. જે ગતિવિધિ મનુષ્યની શક્તિ કે સામર્થ્ય અને મર્યાદા બહાર હોય તો બંધનમુક્ત થઈ જ ન શકે. કલ્પના નભોમંડળના તારક જેવી છે, જેનો ચમકાર અને રણકાર આપણે જોઈ અને સાંભળી શકીએ છીએ પણ સ્પર્શ કરી શકતા નથી. માનવી માત્રનું જીવનદર્શન જ તેને મુઠ્ઠી ઊંચેરો બનાવે છે. **જે ગમે તે મળે એનું નામ સુખ અને જે મળે તેને ગમતું કરીએ તેનું નામ આનંદ !**

**વેરાતા પાનખરે અને વિસ્તરતી વસંતે કૂંજગલીમાં મહોરવાનું મિત્રો ! અમે આપને નિમંત્રણ આપીએ છીએ.**

**☐ સંપાદકસમિતિ**


# PATAN CO-OP. BANK LTD.

Rasik Nivas, 75, Patan Jain Mandal Marg, Marine Drive, Mumbai-400 020. Tele. 22817444 / 22815290

E-mail : patanbank@yahoo.co.in ● Telefax : 22816513

**Profit (Audited) Rs. 173.49 lacs (as on 31/03/2012)**

WE OFFER

- Rate of Interest on c/c facility from 13% p.a. to 14.50% based on credit rating.
- Gold Loan-12.00% p.a.
- View facility for a/c transcations on web site.
- SMS-banking facility in due course
- Personalised cheque books
- L/c-Discounting
- Loans for all needs/purposes
- Proposed dividend 12%
- Net-NPA - `Zero'
- No TDS on members deposits
- Life / Non life insurance business on referral basis in due course
- Opening 3rd branch at Nagdevi very soon...
- Sub-membership for RTGS & NEFT-shortly.

**IF YOU ARE A PROFESSIONAL PLEASE LET US HAVE YOUR EMAIL ID IMMEDIATELY** (ADVT)


**સમાજને ઉચ્ચશિક્ષિત, સંપન્ન અને નિરામય બનાવવા સમર્પિત મંડળનું ગૌરવશાળી શતાબ્દી વર્ષ**

# અંતરિક્ષજી તીર્થ રક્ષા યાત્રા-પ્રવાસ

**શ્રી પાટણ જૈન મંડળ વિકલાંગ ઉત્કર્ષ સમિતિ** દ્વારા દર વર્ષે સમાજના શારીરિક-માનસિક અવિકસિત બાળકો માટે સ્નેહ-મિલન, મનોરંજન કાર્યક્રમ, મેડીકલ કેમ્પ, યાત્રા-પ્રવાસ વગેરેનું આયોજન કરવામાં આવે છે. તદ્અનુસાર ચાલુ સાલે તા. ૪-૧૨-૨૦૧૨થી તા. ૭-૧૨-૨૦૧૨ દરમ્યાન અંતરિક્ષજી, આકોલા યાત્રા-પ્રવાસ વગેરેનું આયોજન કરવામાં આવેલ, જેમાં ૨૯ બાળકો, તેમના પરિવારજનો, સમિતિના સભ્યો તથા દાતા પરિવારજનો સહિત ૬૭ સભ્યો જોડાયેલ હતા.

તા. ૫મીના અંતરિક્ષજી પાર્શ્વનાથ જિનાલય ખાતે પક્ષાલ, સ્નાત્ર-પૂજા, આરતી, મંગલદીવો તથા સંધ્યાભક્તિ ભાવનાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં દરેક સભ્યો જોડતાં, અંતરિક્ષ પાર્શ્વનાથ તીર્થ રક્ષાર્થે ધર્મમય વાતાવરણનું નિર્માણ થવા પામેલ. આ અવસરે તીર્થ ખાતે ધૂપ, તથા મોતીની માળા અર્પણ કરાયેલ.

રાત્રે યોજાયેલ સ્નેહમિલન દરમ્યાન શ્રી પાટણ જૈન મંડળ સાથે લગભગ સાડાચાર દાયકાથી ઘનિષ્ટ રીતે સંકળાઈ વિવિધ હોદ્દાઓ શોભાવી સરાહનીય સેવાઓ આપનાર, મંડળની વિકલાંગ ઉત્કર્ષ સમિતિની સ્થાપનાથી આજ પર્યંત અનન્ય સહયોગ આપનાર, સમિતિના પ્રમુખ તેમ જ યાત્રા-પ્રવાસના સૌજન્યદાતા, ભાભાના પાડાના **શ્રી જે. કે. શાહ**નું વિકલાંગ ઉત્કર્ષ સમિતિના માનદમંત્રીઓ **શ્રીમતી પ્રમિલાબેન ભદ્રકુમાર શાહ તથા શ્રીમતી હીનાબેન યશમુખભાઈ શાહ** દ્વારા શ્રીફળ તથા પ્રશસ્તિપત્ર એનાયત કરીને અભિવાદન કરવામાં આવેલ.

આ અવસરે **શ્રીયુત જે. કે. શાહે** બાળકોના વિકાસાર્થે અવારનવાર યોજાતા પ્રત્યેક આયોજનોમાં સખત પરિશ્રમ લઈ તેને સફળ બનાવનાર સમિતિના માનદમંત્રીઓ તથા દરેક સભ્યો પરત્વે આભારભાવ વ્યક્ત કરેલ.

**શ્રી પ્રવીણચંદ્ર મફતલાલ શાહ તથા શ્રી નરેશભાઈ રમણલાલ શાહે** બાળકોના વિકાસાર્થે વિવિધ સૂચનો આપી સમિતિનો ઉત્સાહ વધારેલ. બાળકોના વાલીઓ વતી **શ્રી સમીર રમેશભાઈ શાહે** યાત્રા-પ્રવાસ માટે આર્થિક સહયોગ આપનાર દાતાશ્રી પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરવામાં આવેલ.

આ અવસરે દાતા પરિવાર વતી **શ્રી પ્રફુલભાઈ કાંતિલાલ શાહ, શ્રી મહેન્દ્રભાઈ અમૃતલાલ શાહ, શ્રી પ્રવીણચંદ્ર મફતલાલ શાહ** તેમ જ સમિતિના સભ્ય **શ્રીમતી મુદ્રાબેન અશ્વીનભાઈ શાહે** દરેક બાળકોને ફૂલ નહીં તો ફૂલની પાંખડીસમ રોકડ રકમ તેમ જ શ્રીમતી મંજુલાબેન વિનોદભાઈ ચોધરી તરફથી અંતકડી પુસ્તિકા આપી પ્રોત્સાહિત કરવામાં આવેલ. આ અવસરે દરેક વિકલાંગ બાળકો માટે શ્રી ગીતાબેન દત્તાણી તરફથી નવા ટી-શર્ટ તથા તેમની માતાઓ માટે શ્રી શર્મિબેન તરફથી ખાસ સીવડાવેલ કુર્તીનું સમિતિના માનદમંત્રીઓના વરદ હસ્તે વિતરણ કરવામાં આવેલ.

તા. ૬-૧૨-૨૦૧૨ ના સવારે નવકારશી બાદ બાળાપુર ખાતેના બે અતિ પ્રાચીન જિનાલયોના દર્શન કરાવવામાં આવેલ. ત્યારબાદ શેગાંવ ખાતે આવેલ આનંદસાગર ગાર્ડનમાં મહાલવાનો, સમૂહમાં બપોરનું ભોજન તથા મિની ટ્રેનમાં સફરનો આનંદ માણવામાં આવ્યો. સંધ્યાકાળે આકોલાના શ્રી સંભવનાથ જિનાલય ખાતે દર્શન કરી, દિશા કાર્યશાળામાં બનાવેલ ધૂપ તથા માળા અર્પણ કરવામાં આવેલ. ત્યારબાદ ચૌવિહારની વ્યવસ્થાને સર્વે સદસ્યો દ્વારા ન્યાય આપવામાં આવેલ.

ત્યારબાદ આકોલા સંઘના શ્રીમતી યોગીતાબેન અતુલભાઈ તરફથી તેમના માતુશ્રી વિજયાબેન તથા ભાઈ પરાગ દ્વારા રખાયેલ સાધર્મિક ભક્તિ બદલ તેમનું અભિવાદન કરવામાં આવેલ. પ્રવાસની રૂપરેખા, આયોજન ઘડવામાં સહાયક થનાર શ્રી મુકેશ કોરડિયા તથા શ્રી મણિકાંત લાપસિયા (સી.એ.)ના યોગદાન બદલ આભારભાવ વ્યક્ત કરવામાં આવેલ. તા. ૭-૧૨-૨૦૧૨ની સોનેરી સવારે પુનઃ મુંબઈ આગમન થતાં સૌ યાત્રા-પ્રવાસના મીઠા સંસ્મરણો વાગોળતા વિખરાયા.

**☐ વિકલાંગ ઉત્કર્ષ સમિતિ**



Advt

**સમાજને ઉચ્ચશિક્ષિત, સંપન્ન અને નિરામય બનાવવા સમર્પિત મંડળનું ગૌરવશાળી શતાબ્દી વર્ષ**

## શ્રદ્ધાને હિંડોળે

પ. પૂજ્ય મુનિ રશ્મિરત્નવિજય મહારાજ, પ. પૂજ્ય મુનિ હિતરત્નવિજયજી મહારાજ તેમજ સાધ્વી ભગવંતોને વંદન. ગુરુજી ગુરુજી તમારો સંગ કેવો ? નાનાં બાળક મળે તો તે કહે સાહેબજી મારાં છે, તરૂણ મળે તો તે કહે, સાહેબજી મારાં છે. યુવાનો જેને માટે ઉપાસરો Resticted Area કહેવાતો હતો. દિવસમાં ત્રણ ત્રણ વખત ઉપાશ્રયમાં પહોંચી જતાં, વયસ્કો પણ કહેતાં હતાં કે અમારા સાહેબજી છે. બસ આનાથી વધારે ગુરુજીનો પરિચય આપવાની જરૂર રહેતી નથી.

ચોમાસાની શરૂઆત થાય ત્યારે દુરદુરથી વાદળો આકાશમાં મંડરાય અને પછી વરસાદ વરસે. બસ આ જ રીતે સાધુ ભગવંતો પણ દુરદુરથી ઉગ્ર વિહાર કરીને એક જગ્યાએ સ્થિરતા કરે અને પછી સંપૂર્ણ ચોમાસા દરમ્યાન વાણીરૂપી વરસાદ વરસાવે અને સંઘના દરેક શ્રાવક, શ્રાવિકાને જ્ઞાન સાગરથી ભીંજવે અને જ્ઞાન પમાડે.

મુંબઈમાં વરસાદ ૧૦૦ ઈંચ વરસે છે તો સાધુ ભગવંતોએ આપણે ત્યાં ૧૨૦ દિવસ ધર્મ જ્ઞાનરૂપી વરસાદ વરસાવ્યો. ૨૦ ઈંચ વરસાદ પ્રવેશ, વ્યાખ્યાન, પ્રતિક્રમણ, થોય, સ્તવન તેમજ સજ્ઝાય દ્વારા વરસાવ્યો. પર્યુષણમાં કર્તવ્યનું પ્રદર્શન, આખા એરીયામાં રોશની તેમજ ધર્મચક્ર તપ કરાવીને બીજો ૨૦ ઈંચ વરસાદ વરસાવ્યો.

શિબીર, નાટકો, હાલરડું, કેબીસી જેવા પ્રોગ્રામો દ્વારા ત્રીજો ૨૦ ઈંચ વરસાદ વરસાવ્યો. વરઘોડાનું સરસ આયોજન કરીને પાછો ૨૦ ઈંચ વરસાદ વરસાવ્યો અને અંતમાં ઉપધાન કરાવીને તો ૪૦ ઈંચ વરસાદ વરસાવી દીધો. ૪૦ઈંચ વરસાદમાં જેમ બધું બંધ થઈ જાય તેમ વરઘોડા દરમ્યાન આપણી ગલી સાવ બંધ થઈ ગઈ હતી.

કેટલાક ક્રિકેટરો એવા હોય છે જે સેન્ચુરી કર્યા પછી પણ નોટઆઉટ રહે છે તેવી જ રીતે ગુરુ ભગવંતો પણ આટઆટલાં પ્રોગ્રામો કર્યા પછી પણ નોટ આઉટ જ રહ્યાં છે. પણ ભગવાનની આજ્ઞા માનીને વિહાર કરી રહ્યાં છે. means કે રીટાયર્ડ હર્ટ થયાં છે. રીટાયર્ડ હર્ટ થયેલો ક્રિકેટર ટીમ મુસીબતમાં હોય તો પાછો રમવા આવે છે. તેવી રીતે આપ પણ અમારાં સંઘમાં શેષકાળ દરમ્યાન પધારશો એ જ અપેક્ષા.

મને કહેવામાં આવ્યું કે સાધુ ભગવંતના વખાણ નહીં કરતાં પણ હું વખાણ એટલા માટે કરૂં છું કે તેમને વખાણ નથી ગમતાં તો પછી શા માટે અમને નથી ગમતું તે તેઓ કરી રહ્યાં છે? અમને તમારી શું વાત નથી ગમતી તે તમને કહીં દઉં ? આપ મરીન ડ્રાઈવ, ચર્ચગેટ તેમજ રાજસ્થાન સંઘને છોડીને વિહાર કરી રહ્યાં છો તે.

આપ આ સંઘમાં ૫ મહિના રહ્યા અને તે દરમ્યાન આપ બંબાવાળાની માફક મરીન ડ્રાઈવ, ચર્ચગેટ તેમજ રાજસ્થાન સંઘમાં ફરી વળ્યા અને અમને દરેક શ્રાવક, શ્રાવિકા તેમજ ટ્રસ્ટીઓને પણ બંબાવાળાની માફક ફેરવીને ખૂબ ઉત્કૃષ્ટ આરાધના કરાવી, હવે આ સંઘોને છોડીને તેમજ અનાથ બનાવીને આપ વિહાર કરી રહ્યાં છો પણ આપે એક ગેરન્ટી આપવી પડશે કે શેષકાળ દરમ્યાન આપશ્રી અવશ્ય પધારશો. અમારા શ્રી સંઘને આપની ખોટ સાલશે જ.

**□ શ્રી નરેન્દ્રભાઈ બાબુભાઈ શાહ**

## અફાટ આકાશમાં

*અફાટ આકાશમાં આપણે અવિરત અથડાતા,*
*ઘનઘોર ઘટામાં ઘટઘટ ગેસુઓ મંડરાતા;*
*પારદર્શી પ્રેમમાં પાગલ પળપળ પાંગરતા,*
*સુધબુધ સમીરને સોંપી શ્રાવણીએ સંચરતા!*
*અફાટ આકાશમાં...*

*વણકહી વાતો વક્ષમાં વમળ જેમ સંઘરતા,*
*નભોમંડળમાં ચમકતા ચાંદરણા નીતરતા;*
*ભીતરની ભવ્ય ભંગીમાની ભીનાશમાં ભીંજવાતા,*
*વ્યાકુળ વાયરાને વારિના અકારમાં અટવાતા!*
*અફાટ આકાશમાં...*

*મહેકતી – મહોરતી મંજરી સમ મઘમઘતા,*
*પ્રણયને આમ ફૂટે પાંખ પલકોમાં પાથરતા;*
*ચાલને ઓગળી જઈએ બાહુપાશમાં આલિંગતા,*
*સ્મૃતિ વિસ્મૃતિઓ વેરણ થઈ વેરાઈ વિવશતા!*
*અફાટ આકાશમાં...*

**મ. ને.**


વિનીત-રાજુલ ।। શ્રી શંખેશ્વર ધીયા પાર્શ્વનાથાય નમઃ ।। Tel.: 28780553
નીરજ-નીલ : ૯૦૨૨૮૦૮૬૨૨ Mo.:9322931462
પાટણનું શુદ્ધ ઘી મેળવવાનું વિશ્વાસપાત્ર સ્થળ...
**શાહ વર્ષા દેવેન્દ્રકુમાર**
**SHAH VARSHA DEVENDRAKUMAR**
**Dealers in : Stainless Steel Utensils, Pure Ghee of Patan**
**All Kind of Dry Fruits, Masalas, Spies & C.T.C. Tea**
59-10, Jawahar Nagar, 1st Floor, Opp. Jain Temple,
Road No. 4, Goregaon (West), Mumbai-400 062.
Advt



## લગ્નસંબંધી

Name : **DEEPESH A. SHAH**
Father's Name : Amit Ramanlal Shah
Mother's Name : Meena Amit Shah
Date of Birth : 29-04-1984; Mumbai
Patan Mohalla : Lakhiyarwado
Education : **Bachelor of Commerce (Marketing) USA**
Occupation: **Hamilton Brewart Insurance Agency (L.A.)**
Address :1975, Windsong Drive, Schaumburg, Chicago. ILL-60194.
(Mobile) : 847-882-5828.
Email : mshah54@hotmail.com
Mumbai Contact No. : **22819207**
**Arrive India 2nd Week of January, 2013**
Advt

## મરીનડ્રાઈવ જૈન સંઘમાં ભવ્યતમ ઉપધાન તપ (અઢારીયું)ની આરાધના

પૂજ્યપાદ, યુગદિવાકર આ. ભ. શ્રી વિજય ધર્મસૂરીશ્વરજી મ.સા.ના પરમ કૃપાપાત્ર તેમ જ શ્રી મરીન ડ્રાઈવ જૈન સંઘના ઉપકારી પૂજ્યપાદ શાસનપ્રભાવક આ. ભ. શ્રી વિજય સૂર્યોદયસૂરીશ્વરજીમ. સા. તેમ જ તેજસ્વી વક્તા પૂ. આ. ભ. શ્રી રાજરત્નસૂરીશ્વરજી મ. સા.ના પરમ આશીર્વાદ અને આજ્ઞાપૂર્વક તેમના શિષ્યરત્ન પૂ. મુનિરાજ રશ્મિરત્ન વિજયજી મ.સા.ની પુણ્યનિશ્રામાં ઉપધાન (અઢારિયું)ની આરાધનાનો પ્રારંભ આસો વદી ૧૧ તા. ૯-૧૧-૨૦૧૨ ના રોજ સુંદર રીતે થયો.

પ્રવેશના પુનીત દિવસે તપસ્વીઓ તેમ જ શ્રી સંઘને ભાયખાલા ચાતુર્માસ સ્થિત પૂજ્યપાદ શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ. સા.ની તથા પૂ. આ. ભ. શ્રી રાજરત્નસૂરીશ્વરજી મ. સા.ની પ્રભાવવંતી નિશ્રા સાંપડી હતી. અને કુલ ૫૫ તપસ્વીઓ ગુરુદેવના આશીર્વાદ લઈને આરાધનામાં સામેલ થયા હતા. પ્રથમ ઉપવાસ કઠીન લાગ્યા બાદ, ધીરે ધીરે રંગ લાવતી આ આરાધનામાં બાળકો દરરોજ સવારે ૪.૩૦ કલાકે નવકાર સ્મરણ સાથે ઉઠી જતા હતા. રાઈ પ્રતિક્રમણ અને પડિલેહણ કર્યા બાદ દેવવંદન કરતા. સવારે ૭.૦૦ કલાકે ઉપધાન તપની મુખ્ય ક્રિયાનો પ્રારંભ થતો. સર્વ ક્રિયાના અંતે દેવાતા સામૂહિક એકસો ખમાસણા એટલા તો ઉલ્લાસ-ઉમંગપૂર્વક દેવાતા હતા કે જેનો ધ્વનિ પાટણ જૈન મંડળની ત્રણે બિલ્ડિંગોમાં પહોંચતો હતો. ૨૫-૨૫ ખમાસમણે નાનકડો બ્રેક અપાતો. જે સૌને મનપસંદ હોય છતાંય જેમાંથી કાંઈક શીખવા મળે એવી મજાની વાતો ગુરુદેવ ફરમાવતા હતા. તો ક્યારેક ભક્તિગીતો ગવડાવતા. ક્રિયાની પૂર્ણાહુતિ બાદ સામૂહિક દેવવંદન અને સો લોગસ્સનો કાઉસગ્ગ કરાવાતો હતો. ઉપરાંત ૨૦ બાંધી નવકારવાળી દિવસ દરમ્યાન અનુકૂળાનુસાર ગણતા.

સવારે ૯.૩૦ કલાકે ક્યારેક પ્રવચન તો ક્યારેક તપસ્વીઓની ખાસ વાચના યોજાતી હતી. તપસ્વીઓ પણ મજાની વાર્તાઓ કહીને સંઘના ભાવિકોને પ્રસન્ન બનાવી દેતા. તો વાચનામાં ઈર્યા વહીય, ભાષા સમિતિ, એષણા સમિતિ, વગેરે પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ, પાંચ આચાર, પૌષધ, નવકાર વગેરેની સમજ આપતાં ગુરુદેવ તેમાં મજાની ધર્મકથાઓને જોડીને બાળકોને પણ ઉમંગમાં લાવી દેતા હતા. વાચના બાદ દેવવંદન-પચ્ચક્ખાણની ક્રિયા કરાવાતી. બપોરના બાળકોને ગમે તેવી ધાર્મિક રમતો રમાડવામાં આવતી હતી. જેમાં શેરબજાર, હાઉસી, મેજિક શો અને K.B.M. (કૌન બનેગા મોક્ષગામી) વિશેષ આકર્ષણ જમાવ્યું હતું.

સંધ્યાભક્તિ જિનાલયમાં યોજાતી જેમાં ગુરુદેવો દ્વારા મધુર કંઠે અવનવા ગીતો પ્રતિદિન ગવાતા જેને ઝીલીને સૌને અનેરો આનંદ આવતો હતો. કારણવશાત્ એકાદ દિવસ સંધ્યાભક્તિમાં અવરોધ આવે તો જાણે આનંદ હણાઈ જતો. સંધ્યાભક્તિ બાદ સાંધ્યક્રિયા પછી પ્રતિક્રમણ થતું. જેમાં તપસ્વીઓ વચ્ચે વિવિધ આદેશોની કોમ્પીટીશન જામતી અને ગુરુદેવો દ્વારા સુંદર મજાનાં સ્તવનો અને સજ્ઝાયો ગવાતા, જેને સૌ મનભરીને માણતા હતા. રાત્રે સંથારાપોરિસી બાદ સંઘના ભાવિકો પણ તપસ્વીઓની ભક્તિનો લાભ લેતા. વિવિધ દિવસોએ ગુરુદેવ દ્વારા ગાથા-ડે, સ્તવન-ડે, ક્રિયા-ડે, મુહપત્તિ-ડે, ગુરુભક્તિ-ડે, ત્યાગ-ડે એમ જાહેર કરાયા હતા. જેમાં ગાથા-ડે, સ્તવન-ડેના દિવસે સવારે બે કલાક પર્યંત સૌ ભણતા, તો ક્રિયા-ડેના દિવસે ચુસ્ત ક્રિયા કરતા. મુહપત્તિ-ડેના દિવસે મુહપત્તિ રાખીને બોલતા, તો ગુરુભક્તિ-ડેના દિવસે ગુરુભક્તિમાં લાગેલા રહેતા. ત્યાગ-ડેના દિવસે વળી નીવિમાં વિવિધ દ્રવ્યોના ત્યાગ કરતા.

ઉપધાન તપ દરમ્યાન અનેક બાળકોએ (૧) ૩ મહિનામાં ૫૦૦ ગાથા (૨) ૮ વર્ષ કાચા પાણીનો ત્યાગ (૩) ૫ વર્ષ ટીવી ત્યાગ (૪) ૧ વર્ષ ચોકલેટ, બિસ્કિટ, કંદ-મૂળ ત્યાગ જેવા વિવિધ અને ઉગ્ર સંકલ્પો કર્યા હતા. ઉપધાન તપની પૂર્ણાહુતિમાં દરેક બાળકોનો યાદગાર, ભવ્ય વરઘોડો યોજાયો હતો. વરઘોડા બાદ ભવ્ય બહુમાન સમારંભ યોજાયો હતો. જેમાં પ્રત્યેક તપસ્વીનું રૂા. ૧૫,૦૦૦ તેમ જ ફોટો આપીને બહુમાન કરાયું હતું. એકંદરે ઉપધાન તપની સમગ્ર આરાધનાતપસ્વીઓ માટે 'ટર્નિંગ પોઈન્ટ' સમી, તો મરીન ડ્રાઈવ સંઘ માટે યાદગાર સંભારણા સ્વરૂપ સાબિત થઈ હતી.

**અઢારિયામાં જોડાયેલ આપણા સમાજના તપસ્વીઓ**

(૧) અંશ વિનેશ શાહ, મરીનડ્રાઈવ (૨) હર્ષ કમલેશ શાહ,મરીનડ્રાઈવ (૩) ક્વીન પરાગ શાહ, મરીનડ્રાઈવ (૪) નિગમ પરાગભાઈ શાહ, મરીનડ્રાઈવ (૫) વેદાન્ત જીતેશ શાહ, બોરીવલી (ઈસ્ટ) (૬) બિન્દુ કમલેશ શાહ, મરીનડ્રાઈવ (૭) પારૂ કૌશિક શાહ, ગોરેગામ (૮) હેત્વી પરાગ શાહ, મરીનડ્રાઈવ (૯) કોમલ ધીરેશ શાહ, મરીનડ્રાઈવ (૧૦) દિશા રાજેશ શાહ, મસ્જિદ બંદર (૧૧) પીના જનક શાહ,મરીનડ્રાઈવ (૧૨) રાજવી અમીત શાહ,મરીનડ્રાઈવ (૧૩) સમકિતા બિરેન શાહ, મરીનડ્રાઈવ.

✶ ✶ ✶


શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ    શ્રી ક્ષેત્રપાળ વીરદાદાય નમઃ

**સાલમપાક**

રાજેન્દ્રકુમાર બચુભાઈ શાહ

FREE HOME DELIVERY    Since 1979

**પાટણનો શુદ્ધ ઘીનો સાલમપાક**

Contact Mumbai :
NIRALSHAH:9224199053-9769866588; BOSKY SHAH: 9867874672;JIGAR SHAH: 9769866564
A/304, MAHAVIR KRUPA, MAHAVIR NAGAR, KANDIVALI WEST, MUMBAI-400 067. Advt

ખારેક, દૂધ, ઘી,ખાંડ, સૂંઠ, પી.મૂળ, મરી, અક્કલ ગરો, ધોળી મૂસળી, સાલમ, ચોપચુની, પાનની જડ, એલચી, જાયફળ, જાવંત્રી, ગુંદર, લીંડીપીપર, વાસકપુર, બદામ, પિસ્તા



**સાલમપાક**

સીઝનનો શુદ્ધ ઘીનો મેવા મસાલાથી ભરપૂર સાલમપાક મળશે. પાટણના પાપડ તથા પાટણનું ઘી ઓર્ડરથી મંગાવી આપશું. દરેક પ્રકારના ખાખરા મળશે.

**હિરેન વીનુભાઈ દલાલ**

૭૭/૧૫, પાટણ જૈન મંડળ માર્ગ, મુંબઈ-૪૦૦ ૦૨૦.

**ફોન : ૨૨૮૧ ૫૩૦૩. મોબાઈલ : ૯૮૨૦૨ ૭૨૪૭૨.**

Advt



MATRIMONIAL

**NAME : RONAK VIPUL JHAVERI**

Parents : Sneha–Vipul Suresh Jhaveri
Mohollo : Dank Mehtano Pado; At present Goregaon,
DOB : 19-6-1986, Height : 5' 10"
Education : B.E. D.J. Eng. College of Engineering
Job : Senior System Manager Infosys
Email : kinjalvj@gmail.com Tel : 28747619

**Imp : Arriving soon to India in first week of Jan. '13 from London**

Mobile : 9819222830

Advt

# નૂતનવર્ષ સ્નેહ-સંમેલન

**શ્રી પાટણ જૈન મંડળ યોજિત તથા શ્રી મણિલાલ લલ્લુચંદ શાહ (અતુલ ડ્રગ હાઉસ) પરિવાર** પ્રેરિત સ્નેહ-સંમેલન આ વર્ષે ભાઈબીજ પછીના પ્રથમ શનિવાર, તા. ૧૭-૧૧-૨૦૧૨ના દિને સાંજે ૫.૦૦ થી ૮.૦૦ દરમ્યાન શ્રી નિકેતન વાટિકા ગાર્ડન, મરીન ડ્રાઈવ ખાતે યોજાયેલ.

આયોજક દાતા પરિવારના શ્રી સુનીલભાઈ ગુણવંતલાલ શાહ તેમજ તેઓના પત્ની શ્રીમતી પારૂબેન સુનીલભાઈ શાહ તેમજ તેઓના પરિવારજનોના સર્વે સભ્યો, મંડળના પ્રમુખ દિનેશભાઈ રસિકલાલ શાહ, સમિતિના માનદમંત્રીઓ શ્રી જનકભાઈ અરવિંદભાઈ શાહ, શ્રી શૈલેષભાઈ કેશવલાલ શાહ, શ્રી સંજયભાઈ કીર્તિલાલ શાહ, મંડળના ઉપપ્રમુખો શ્રી ભરતભાઈ દલપતભાઈ શાહ, શ્રી રાજેન્દ્રભાઈ જયંતીલાલ શાહ, શ્રી ભરતભાઈ સારાભાઈ શાહ, એડમીનીસ્ટ્રેશન માનદમંત્રીઓ શ્રી પરેશભાઈ અમૃતલાલ શાહ, શ્રી મુકેશભાઈ દિલીપભાઈ શાહ, ફાઈનાન્સ માનદમંત્રીઓ શ્રી શૈલેષભાઈ સેવંતીલાલ શાહ, શ્રી અશ્વીનભાઈ પનાલાલ શાહ, શ્રી જ્યોતીન્દ્રભાઈ જયંતીલાલ દેવડાવાળા, ટસ્ટ્રી શ્રી ભરતભાઈ નેમચંદ શાહ, તેમજ અન્ય સમિતિઓના માનદમંત્રીઓ શ્રી મહેન્દ્રભાઈ હીરાલાલ શાહ, શ્રી રોહિતભાઈ મહાસુખલાલ શાહ, શ્રી ભાવેશભાઈ સુધીરભાઈ શાહ, શ્રી ભદ્રકાંત પ્રેમચંદ શાહ, શ્રી નિલેશભાઈ કાંતિલાલ શાહ, શ્રીમતી પ્રમીલાબેન ભદ્રકુમાર શાહ, શ્રીમતી હીનાબેન યશમુખભાઈ શાહ, શ્રી રાજીવ કેસરીચંદ શાહ, વ્યવસ્થાપક સમિતિના શ્રી દીપકભાઈ પ્રેમચંદ શાહ, શ્રી વિનેશ અરવિંદભાઈ શાહ, શ્રી નિતીનભાઈ રમણલાલ પટણી, શ્રી કેતનભાઈ મહેન્દ્રભાઈ શાહ તથા સમાજના ભાઈ-બહેનોની ઉપસ્થિતિએ કાર્યક્રમની શોભા વધારી હતી.

છેલ્લા ૩૦ વર્ષથી યોજાતા આ સ્નેહ સંમેલનમાં લગભગ ૭૦૦ ભાઈ-બહેનોએ ભાગ લઈ આયોજનને સફળ બનાવેલ. આ પ્રસંગે ચૌવિહારની વ્યવસ્થા પણ રાખવામાં આવી હતી.

સ્નેહ-સંમેલનના આયોજનની સુંદર વ્યવસ્થા માટે પ્રોગ્રામ સમિતિના ત્રણેય માનદમંત્રીઓ, સભ્યો તથા સર્વે સ્ટાફ મિત્રોએ સખત જહેમત લઈ સફળ બનાવેલ. પાયલ કેટરર્સની સ્વાદિષ્ટ વાનગીઓની લિજ્જત માણી સૌ ખુશનુમા વાતાવરણમાં વિખેરાયા.

**☐ પ્રોગ્રામ સમિતિ**

## શું આપું જવાબ ?

*સમગ્ર માનવજાતની ફરિયાદ લઈ પ્રભુ*
*આવી છું આજ દ્વાર તારે ,*
*માગી સુગંધ, તો મળી મને ફૂલો પાસેથી,*
*મળ્યો મને પ્રકાશ આદિત્ય પાસેથી,*
*મળી મને છાંયડી વૃક્ષો પાસેથી,*
*મળી મને વિશાળતા સાગર પાસેથી,*
*પણ ન મળી એક માનવતા – માનવ પાસેથી;*
*કેમ કર્યો અન્યાય, પ્રભુ તું આપ મને જવાબ.*
*કહ્યું પ્રભુએ ! વત્સ, સુણજે વાત મારી*
*પછી તું ન્યાય કરજે, ક્યાં છે અન્યાય મારો ?*
*શું ન'તી દીધી શીલ, ચારિત્ર તણા પમરાટ,*
*ને નેત્ર તણો પ્રકાશ,*
*શું ન'તી દીધી છાંયડી, સ્વજન તણી,*
*ને વિશાળતા મિત્રપ્રેમ તણી.*
*પણ વિસારી મૂલ્ય, આંતર વૈભવના,*
*તું ભટકી ચાલ્યો બાહ્ય સૌંદર્યમાં,*
*કર્યું મન મેલું, તન ને વાણીમાં*
*ગુમાવી દીધી તેં તારી જ માનવતા.*
*જા કહી આવ તારી સમગ્ર માનવજાતને,*
*દે મને પાછાં મૂલ્ય સર્વ જે મારાં દીધેલાં છે.*
*ને લઈ જા બદલામાં માનવતા તારી;*
*બોલ કબૂલ છે તને મારી આ શરત ?*
*તો આપ મને જવાબ તારો !*
*સર્વસ્વ ગુમાવી બેઠેલો, માનવજાત તરફથી*
*હું શું આપું જવાબ ?*

**☐ શ્રીમતી ભારતીબેન બી. શાહ**


## શ્રી પાટણ પાંજરાપોળ સંચાલિત આઝાદ ચોક, પીંપળાશેરી, પાટણ (ઉ.ગુ.) - ૩૮૪૨૬૫ ● ફોન :(02766)220203

### શ્રીમતી કુસુમબેન અમૃતલાલ શાહ પશુ આશ્રય સંકુલ (ખલીપુર)

કાર્યાલય:મે. પ્રવીણચંદ્ર ઍન્ડ કું., ૨૧, ભાંગવાડી શોપિંગ આર્કેડ, કાલબાદેવી, મુંબઈ-૪૦૦ ૦૦૨. ફોન:૬૬૩૧૭૮૯૦-૯૯. મો.:૯૮૨૧૦૧૨૫૧૮.

| | કાયમી લાપસી તિથિ | આધાર સ્થંભ | કાયમી નિભાલ ફંડ | જીવદયા | ઘાસચારો |
|---|---|---|---|---|---|
| શ્રીમતી નીલમબેન ચંપકલાલ શાહ, | ૩૧૦૦૦ | — | ૫૧૦૦૦ | — | ૭૦૦૦ |
| મે. વીપ્રો ફાર્મા, ભાભાનો પાડો | ૩૧૦૦૦ | — | — | — | — |
| શ્રીમતી વસુમતીબેન પ્રતાપભાઈ શાહ, | ૩૧૦૦૦ | — | — | — | — |
| શ્રીમતી ચંદ્રાવતીબેન ભગવાનદાસ | — | ૨૧૦૦૦ | — | — | — |
| શ્રીમતી શારદાબેન બાબુલાલ શાહ, કનાસાનો પાડો | — | ૨૧૦૦૦ | — | — | — |
| શેઠ ઝવેરચંદ પ્રતાપચંદ શ્રી એસ. જે. એસ. ઉપાશ્રય, વાલકેશ્વર | — | — | ૫૧૦૦૦ | — | — |
| મે. જે. બી. પટેલ ગ્રુપ | — | — | — | ૩૦૦૦૦ | — |
| શ્રી જિનભક્તિ મહિલા મંડળ | — | — | — | ૧૧૦૦૦ | — |
| શ્રી સીમલા હાઉસ જૈન સંઘ | — | — | — | ૧૧૦૦૦ | — |
| શ્રી વિલેપાર્લે શ્વે. મૂ. પૂ. જૈન સંઘ | — | — | — | ૧૦૦૦૦ | — |
| મે. સ્વસ્તિક ગ્રુપ ઑફ પાટણવાલા, અંધેરી (પૂર્વ) | — | ૨૧૦૦૦ | — | — | — |
| શ્રીમતી ભૂમિબેન જગદીશભાઈ પટેલ | — | — | — | ૧૧૦૦૦ | — |
| શ્રી રમેશભાઈ છબીલદાસ જવેરી ગ્રુપ, મનમોહનજીની શેરી | — | — | — | ૩૦૦૦૦ | — |
| શ્રી ફોર્ટ તપાગચ્છ મૂ. પૂ. શ્વે. જૈન સંઘ | — | — | — | ૩૧૦૦૦ | — |
| શ્રી જીતેનભાઈ રમેશભાઈ શાહ ગ્રુપ, કનાસાનો પાડો | — | — | — | ૪૦૮૬૦ | — |
| શ્રીમતી વિમળાબેન મહસુખલાલ કેશવલાલ શાહ, મારફતીયા મહેતાનો પાડો | — | ૨૧૦૦૦ | — | — | — |
| શ્રી વસંતલાલ ચીમનલાલ શાહ | — | — | — | — | ૨૦૦૦૦ |
| શ્રીમતી પ્રીતિબેન અને મિનલબેન | — | ૨૧૦૦૦ | — | — | — |
| | **૯૩૦૦૦** | **૧૦૫૦૦૦** | **૧૦૨૦૦૦** | **૧૭૪૮૬૦** | **૨૭૦૦૦** |

સૌજન્ય : શ્રી દાનેશભાઈ વિનોદચંદ્ર શાહ (માટલીવાળા) પરિવાર

ADVT

# ઉગ્ર તપશ્ચર્યાની અનુમોદના

પાટણ જૈન સમાજના અનેક ભાઈ–બહેનોએ ચાતુર્માસ અને પર્યુષણ દરમ્યાન ક્ષીરસમુદ્ર, માસક્ષમણ, સિદ્ધીતપ, વરસીતપ, ઈત્યાદિની ઉગ્ર તપશ્ચર્યાની આરાધનાને સફળતાપૂર્વક પાર પાડીને પ્રચંડ કર્મ શુદ્ધિ સાથે પુણ્ય પ્રાપ્ત કર્યું છે. તેનું અનુમોદન કરતા અમો ગૌરવ અનુભવીએ છીએ. જેના થકી જીવનને પર્યાપ્ત ધર્મમય બનાવી મુક્તિના દ્વારે પહોંચવાનો આ ઉત્તમ માર્ગ છે. **અપ્રાપ્ત માહિતીના કારણે નામનો ઉલ્લેખ કરવો રહી ગયેલ હોય તો ક્ષમાયાચના.**

**❑ શ્રી પાટણ જૈન મંડળ**

**માસક્ષમણ**

| નામ | વય | રહેઠાણ | મહોલ્લો |
|---|---|---|---|
| ધરા આકાશ શાહ | ૩૭ | મ.ડ્રા. | વાસુપૂજ્યની શેરી |
| સુનંદાબેન દુષ્યંતકુમાર સાલવી | ૬૫ | મીરારોડ | સાલવી વાડો |
| નીલા પંકજભાઈ શાહ | ૫૭ | મદ્રાસ | મનમોહનજીની શેરી |
| ગીતા કાર્તિક ઝવેરી | ૩૮ | પાયધુની | વસાવાડો |
| અરૂણ કીર્તીલાલ શાહ | ૪૬ | ગુલાલવાડી | ઢંઢેરવાડો |
| નિતિન રમણલાલ પટણી | ૬૦ | લુહારચાલ | મનમોહનજીની શેરી |
| નિખિલભાઈ તરુણભાઈ શાહ | ૩૮ | લેમિંગ્ટન | ખેતરવસી |
| શોભનાબેન બિપિનચંદ્ર શાહ | ૬૨ | અંધેરી | ભાભાનો પાડો |
| હેમાબેન નિતિનભાઈ શાહ | ૪૨ | ખેતવાડી | ખોતરવસી |
| પંકજભાઈ લલિતભાઈ શાહ | ૬૩ | કાંદિવલી | પંચોટીનો પાડો |
| નયનાબેન પ્રકાશભાઈ શાહ | ૫૩ | બોરીવલી | ઝવેરી વાડો |

**૧૬ ઉપવાસ**

| | | | |
|---|---|---|---|
| દર્શીત હિતેશ શાહ | ૧૮ | મ. ડ્રા. | વાસુપૂજ્યની શેરી |
| ખુશ્બુ સંજયભાઈ શાહ | ૨૦ | ગોવાલિયાટેંક | ડંકમહેતાનોપાડો |
| પરાગ રજનીભાઈ ખાંડવાળા | ૩૬ | કાંદિવલી | તંબોલીવાડો |
| ચાર્મી કેતનભાઈ શાહ | ૨૨ | દહીસર | ઢંઢેરવાડો |
| પ્રાચી નરેશભાઈ શાહ | ૨૬ | દાદર | કનાસાનો પાડો |

**૧૧ ઉપવાસ**

| | | | |
|---|---|---|---|
| રિતિકા સુનીલભાઈ શાહ | ૨૦ | મ.ડ્રા. | ભાભાનો પાડો |
| જ્યોતિબેન હર્ષદભાઈ શાહ | ૬૬ | અંધેરી | લીમડીનો પાડો |

**૧૦ ઉપવાસ**

| | | | |
|---|---|---|---|
| રોહિત ફકીરચંદ કાપડીયા | ૫૮ | દાદર | કનાસાનો પાડો |

**૯ ઉપવાસ**

| | | | |
|---|---|---|---|
| વિશાલ સુનીલભાઈ શાહ | ૨૪ | મ.ડ્રા. | ભાભાનો પાડો |
| કેતન મહેન્દ્રભાઈ શાહ | ૫૦ | મ.ડ્રા. | ખેતરવસીનો પાડો |

**ક્ષીર સમુદ્ર**

| | | | |
|---|---|---|---|
| ક્રિજલ દિલીપભાઈ શાહ | ૨૩ | ગોરેગામ | વખતજીની શેરી |
| નિગાહી ચેતનભાઈ શાહ | ૧૮ | મ.ડ્રા. | ડંખમહેતાનો પાડો |
| પાયલબેન વિજયકુમાર ઝવેરી | ૩૦ | પાટણ | વખતજીની શેરી |
| કોમલ નિખીલ શાહ | ૧૯ | કેમ્પ્સ કોર્નર | ખજૂરીનો પાડો |
| નિપાબેન રાકેશભાઈ શાહ | | અંધેરી | લખીયાર વાડો |
| રૂપાબેન પુલીનભાઈ શાહ | | મ.ડ્રા. | મા.મહેતાનો પાડો |

**સિદ્ધિ તપ**

| | | | |
|---|---|---|---|
| આરવી અમીત શાહ | ૧૧ | ગોરેગામ | કનાસાનો પાડો |
| શીલાબેન જયવંતભાઈ શાહ | ૬૦ | મદ્રાસ | મનમોહનજીની શેરી |
| વિપુલ જિજ્ઞેશ ઝવેરી | ૪૪ | પાટણ | મનમોહનજીની શેરી |
| ચંદ્રપ્રભા જીતેન્દ્રકુમાર શાહ | ૬૫ | રાજકોટ | ફોફલીયા વાડો |
| જયાબેન શાંતિલાલ શાહ | ૬૧ | મુંબઈ | ખેતરવસી |

**ધર્મચક્ર તપ**

| | | | |
|---|---|---|---|
| ઉષાબેન અશ્વિનભાઈ શાહ | ૬૫ | વરલી | લખિયાર વાડો |
| રેખાબેન જયકુમાર શાહ | ૬૦ | મલાડ | કોકાનો પાડો |
| ડીનલ હિતેશ શાહ | ૩૯ | મ. ડ્રા. | વાસુપૂજ્યની શેરી |
| સુરેખાબેન કાંતિલાલ શાહ | ૬૨ | મુલુંડ | મણિયાતી પાડો |
| નયનાબેન શશીકાંત શાહ | ૬૫ | મુલુંડ | શાંતિનાથની પોળ |
| હેતલ વિપુલભાઈ નગરશેઠ | ૩૭ | મ. ડ્રા. | મણિયાતી પાડો |
| શીતલ સચિનભાઈ શાહ | ૩૬ | મ. ડ્રા. | મણિયાતી પાડો |
| કોકિલાબેન જયંતીલાલ શાહ | ૭૩ | મ. ડ્રા. | ઝવેરી વાડો |
| ભારતીબેન મહેન્દ્રભાઈ શાહ | ૭૩ | મ. ડ્રા. | ખેતરવસી |
| ઉલ્કાબેન હરેશભાઈ શાહ | ૬૬ | મ. ડ્રા. | વાસુપૂજ્યની શેરી |
| સુભદ્રાબેન અમૃતલાલ પટણી | ૮૩ | મ. ડ્રા. | મનમોહનજીની શેરી |
| નિતાબેન હરેશભાઈ શાહ | ૫૩ | મ. ડ્રા. | કનાસાનો પાડો |
| જ્યોતિબેન ભરતભાઈ શાહ | ૫૫ | મ. ડ્રા. | કનાસાનો પાડો |
| શકુંતલાબેન કસ્તુરભાઈ શાહ | ૭૦ | મ. ડ્રા. | ભાભાનો પાડો |
| વર્ષાબેન પરાગભાઈ ઝવેરી | ૫૪ | મ. ડ્રા. | પોળની શેરી |
| નિકિતાબેન મનીષભાઈ શાહ | ૪૩ | મ. ડ્રા. | મા. મહેતાનો પાડો |
| હીનાબેન હેમંતભાઈ શાહ | ૪૮ | મ. ડ્રા. | મા. મહેતાનો પાડો |
| નલિનીબેન નવીનભાઈ શાહ | ૬૬ | ચર્ચગેટ | મનમોહનજીની શેરી |
| માલવબેન ચિરાગભાઈ શાહ | ૩૮ | ચર્ચગેટ | કોકાનો પાડો |
| હીનાબેન મહેશભાઈ શાહ | ૫૫ | ચર્ચગેટ | ઝવેરી વાડો |
| રૂપાબેન રોહિતભાઈ શાહ | ૫૧ | મ.ડ્રા. | કનાસાનો પાડો |
| અલ્કાબેન હસમુખભાઈ શાહ | ૬૨ | મ.ડ્રા. | પોળની શેરી |
| દત્તાબેન અશ્વિનભાઈ શાહ | ૬૩ | મ.ડ્રા. | કનાસાનો પાડો |
| કાનનબેન પ્રીતેશભાઈ શાહ | ૩૫ | મ.ડ્રા. | મા.મહેતાનો પાડો |
| સોનલબેન જીજ્ઞેશભાઈ શાહ | ૪૧ | મ.ડ્રા. | કેશુશેઠનો પાડો |
| હેમાબેન દર્શનભાઈ શાહ | ૪૨ | મ.ડ્રા. | ખજુરીનો પાડો |
| દિનાબેન ચંદ્રકાંતભાઈ શાહ | ૬૮ | મ.ડ્રા. | વખતજીની શેરી |
| દિપિકાબેન એવંતીલાલ શાહ | ૫૬ | મ.ડ્રા. | મા.મહેતાનો પાડો |
| શૈલાબેન જતીનભાઈ શાહ | ૪૫ | મ.ડ્રા. | કુંભારીયા પાડો |
| અલ્પાબેન વિનેશભાઈ શાહ | ૩૭ | મ.ડ્રા. | ખેજડાનો પાડો |
| બેલાબેન વિરેન્દ્રભાઈ શ્રોફ | ૫૫ | મ.ડ્રા. | ખોજડાનો પાડો |
| ચારૂબેન સંજયભાઈ ઝવેરી | – | મ.ડ્રા. | — |
| સૂર્યાબેન અરવિંદભાઈ શાહ | ૭૪ | વિલેપારલે | ભાભાનો પાડો |
| બેલા અરવિંદભાઈ શાહ | ૩૬ | વિલેપારલે | ભાભાનો પાડો |

**શ્રેણી તપ**

| | | | |
|---|---|---|---|
| કેતના મહેન્દ્રભાઈ શાહ | ૪૬ | મ.ડ્રા. | કોકાનો પાડો |

**વર્ષી તપ**

| | | | |
|---|---|---|---|
| રેખાબેન જયકુમાર શાહ | ૬૦ | મલાડ | કોકાનો પાડો |
| આશિષ જયકુમાર શાહ | ૩૪ | મલાડ | કોકાનો પાડો |
| મીના નિખિલભાઈ શાહ | ૫૨ | કેમ્પ્સ કોર્નર | ખજૂરીનો પાડો |
| શીલા જયવંતભાઈ શાહ | ૬૦ | મદ્રાસ | મનમોહનજીની શેરી |
| સૂર્યાબેન અરવિંદભાઈ શાહ | ૭૪ | વિલેપારલે | ભાભાનો પાડો |
| બેલા અરવિંદભાઈ શાહ | ૩૬ | વિલેપારલે | ભાભાનો પાડો |

**નવ ઉપવાસથી ઓછી તપશ્ચર્યા કરનાર તપસ્વીઓના નામ યાદીમાં પ્રકાશિત કરવામાં આવેલ નથી. સર્વેને અમારી ભૂરિ ભૂરિ અનુમોદના.**

## શ્રી પાટણ જૈન મંડળ

## શ્રી ભોગીલાલ દોલતચંદ સાર્વજનિક વિદ્યાલય, પાટણ

## નામકરણ સમારોહ

રવિવાર, તા.૨૭-૦૧-૨૦૧૩ ના રોજ સવારે, શ્રી પાટણ જૈન મંડળ છાત્રાલય કેમ્પસ (પાટણ) બાળાશ્રમ બિલ્ડીંગ મધ્યે,

**શ્રીમતી નિરંજનાબેન સેવંતીલાલ દલપતચંદ શાહ**

**સુરમ્ય બાલવાટિકા**

નો નામકરણ સમારોહ સુનિશ્ચિત કરવામાં આવેલ છે. આપ સર્વેને ઉકત સમારોહમાં પધારવા હાર્દિક નિમંત્રણ પાઠવીએ છીએ.


**શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમ :** ESTD : ૧૯૯૮

**૧૫મા વર્ષમાં પદાર્પણ...પાટણ પરિવારના જૈન યુવક-યુવતીઓ માટે ચાલતો**

**અલ્પા મેરેજ બ્યુરો**

આપણા માટે નવી સુવીધા સાથે...ડાયરેક્ટ મીટીંગની વ્યવસ્થા
સ્પેશ્યલ કલાસ માટે ઈ-મેઈલ ફેસીલીટી. **વધુ વિગત માટે સંપર્ક :**
**શ્રીમતી અલ્પા શાહ : ૮૦૮૦૫૪૭૪૨૪ - ૯૮૨૩૨૧૮૭૪૬**
સમય : ૧૧-૦૦ થી ૫-૦૦. Email : alpashah5@yahoo.co.in
**દર અમાસે મેરેજ બ્યુરો બંધ રહેશે.** Advt


## આતંકનો કેર ને સરકારી મહેર...!!!

લો, ફરી આવી અને ગઈ ૨૬મી નવેમ્બર,
પુનઃ આંખે થયું ગોઝારૂં કૃત્ય દ્દષ્ટિગોચર,
ટ્રાઈન્ડ, તાજ, ઓબેરોય અને બોરીબંદર,
રક્ત રંજિત અનેક નિર્દોષ લાશોના ઢેર.

થયો કેસ, ચાલ્યો વાદ-પ્રતિવાદનો દોર,
ચાર-ચાર વર્ષ રહી તેના પર સરકારી મ્હેર,
જેની સુરક્ષા કાજે ખરચાયા રૂપિયા ૪૦ કરોડ,
જેમાંથી બચ્યા હોત, કાશ કેટલાંય ખેડૂતોના ઘર.

આ તો થઈ ગોળી ઝીલનાર સાથે મજાક ક્રુર,
જ્યારે ગોળી ઝીંકનારનો તો લીલાલહેર,
આખરે આવ્યો નિકાલ 'તેના' કેસનો,
હતી જેના પર દરેક દેશવાસીની નજર.

આજે જ્યારે ફેલાયેલ છે દેશભરમાં,
આવા જ કેટલાંક **'કસાબ'** ઠેરઠેર,
ત્યારે એક **'અજમલ'**ની સજાથી,
શું ખતમ થઈ જશો આતંકનો કેર!!!

**☐ જ્ઞાનેશ લાપસિયા**

## શુભ વિવાહ

**સંવત ૨૦૬૯**

| તિથિ | વાર | તારીખ | વડીલ | પુત્ર/પુત્રી | મહોલ્લો |
|---|---|---|---|---|---|
| કારતક વદ ૧૨ | સોમવાર, | તા. ૧૦-૧૨-૨૦૧૨ | શ્રી બિપિનભાઈ જયંતીલાલ શાહ | ચિ. જૈમીન | (મારફતીયા મહેતાનો પાડો) |
| | | | શ્રી બિપિનભાઈ જયંતીલાલ પટણી | ચિ. જીનલ | (વખતજીની શેરી) |


**શ્રી પાટણ પંચાયત ફંડ સંચાલિત શેઠાણી હિરાલક્ષ્મી પુનમચંદ કોટાવાળા જૈન ભોજનશાળા**

ટાંગડિયા વાડો, પાટણ-ફોન : ૦૨૭૬૬-૨૨૫૮૫૩

**નૂતન સહાય યોજના**

**મુખ્ય આધાર સ્થંભ : રૂા. ૩,૧૧,૦૦૦/- ● સહાયક આધાર સ્થંભ : રૂા. ૧,૧૧,૦૦૦/-**

**કાયમી તિથિ : રૂા. ૩૧,૦૦૦/- ● દાતા ફોટો યોજના : રૂા. ૩૧,૦૦૦/-** રકમ આપનાર દાતાનો ફોટો ભોજનશાળા હૉલમાં મૂકવામાં આવશે.

**વાર્ષિક ચતુર્વિધ સંઘ ભક્તિ સહાયક યોજના : રૂા. ૨,૫૦૦/-** ચતુર્વિધ સંઘ ભક્તિનો એક દિવસની તિથિનો લાભ મેળવી શકો છો.

**તિથિના દિવસે બોર્ડ પર લાભાર્થીના નામ લખવામાં આવશે.**

**આ સંસ્થાને અપાતું દાન ૮૦-જી અનુસાર કરવેરામાં રાહતને પાત્ર છે**

સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા એટલે કે ચતુર્વિધ સંઘ જૈની ગણના જૈનશાસ્ત્રમાં પચ્ચીસમાં તીર્થંકરની બરાબર કરવામા આવેલ છે. એ ચતુર્વિધ સંઘની ભક્તિનું ઉત્કૃષ્ટ કાર્ય આપણા વડીલોએ સ્થાપેલ પાટણની આ ગૌરવવંતી સંસ્થા છેલ્લા ૧૧૦ વર્ષથી કરતી આવી છે. આપશ્રી પણ આપની ભાવના અનુસાર ઉપરોક્ત કોઈપણ યોજનામાં સહયોગ આપી સમાજસેવાનું અતિ ઉત્કૃષ્ટ કાર્ય કરી શકો છો.

**વધુ વિગત માટે સંપર્ક : શ્રી મહેન્દ્રભાઈ કસ્તુરચંદ શાહ - મો. ૯૮૨૧૦૧૨૫૧૮**

● સૌજન્ય : **મે. પ્રદીપકુમાર ફાર્મા પ્રા. લિ. તથા મે. કે. સેવંતીલાલ એન્ડ કાું., મુંબઈ** ● ADVT

## સામાન્ય સમિતિની સભાની ખબર

શ્રી પાટણ જૈન મંડળની સામાન્ય સમિતિની એક સભા શનિવાર તા. ૧૨-૦૧-૨૦૧૩ના રોજ બપોરે ૪-૦૦ કલાકે પરિપત્રમાં જણાવ્યા મુજબના કામકાજ માટે શ્રી પાટણ જૈન મંડળ સભાગૃહ, ૭૭, પાટણ જૈન મંડળ માર્ગ, મરીન ડ્રાઈવ, મુંબઈ-૪૦૦ ૦૨૦ ખાતે રાખવામા આવેલ છે, સભાસદોને સમયસર ઉપસ્થિત રહેવા વિનંતી.

**માનદ મંત્રીઓ-એડમીનીસ્ટ્રેશન**

## સંસ્થા-સમાચાર

**વિમળગચ્છાધિપતી આ. દેવ શ્રી પ્રદ્યુમ્નવિમળસૂરિ મ.નું સં. ૨૦૬૯ નું આગામી ચાતુર્માસ : ભાભાનો પાડો, પાટણ**

પ. પૂ. શાસન પ્રભાવક વિમળગચ્છાધિપતી આ. દેવ શ્રી પ્રદ્યુમ્ન વિમળસૂરિનું સં. ૨૦૬૯નું આગામી ચાતુર્માસ પાટણ-ભાભાના પાડા મધ્યે થાય. તે માટે ભાભાના પાડાનું ટ્રસ્ટ મંડળ તા. ૧૭-૧૦-૨૦૧૨ ના રોજ ગિરનાર મહાતીર્થ પૂજ્યશ્રીને વિનંતી કરવા ગયું હતું. પૂજ્યશ્રીએ ખુબ જ હર્ષપૂર્વક આ વિનંતીનો સ્વીકાર કર્યો હતો. પૂજ્યશ્રી વિમળગચ્છના ૧૫ સાધુ-સાધ્વીજી ભગવંત સહીત ચાતુર્માસાર્થે ભાભાનો પાડો પાટણ ખાતે પધારશે. લગભગ ૫૦ વર્ષ બાદ વિમળગચ્છના સાધુ ભગવંતનું ચાતુર્માસ નક્કી થતા સમગ્ર મહોલ્લાવાસી અને ભક્તવર્ગમાં આનંદની લહેર છવાઈ છે.

પૂજ્યશ્રીની નિશ્રામાં ટ્રસ્ટના નેજા હેઠળ આરાધના તથા પ્રભુ ભક્તિના અનેક આયોજનો સહિત ભવ્યાતિ ભવ્ય ચાતુર્માસ થશે એ નિશ્ચિત છે.

**શ્રી વિલેપાર્લે પાટણ જૈન મિત્રમંડળ**

શ્રી વિલેપાર્લે પાટણ જૈન મિત્રમંડળ કંઈક વિશેષ આપવાનો પ્રયત્ન કરતું રહ્યું છે. હળવા-મળવા સાથે એક પરિવાર સંગઠનની ભાવના સહુ સ્વજનોના હૈયામાં રહે તે માટે સતત પ્રયત્ન કરે છે. આ વર્ષે પણ સંસ્થાએ દાંડીયા-રાસનો કાર્યક્રમ તા. ૩૦-૧૦-૨૦૧૨ ના રોજ યોજ્યો હતો. જેમાં જયેશ દેસાઈ અને સાથીઓએ સુંદર રમઝટ જમાવી હતી. તેમાં સંસ્થાના ૩૦૦ સભ્યોએ ભાગ લીધો હતો. રમવામાં તેમજ શ્રેષ્ઠ વસ્ત્ર પરિધાન માટે સુંદર ઈનામો આપવામાં આવ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમ **શ્રી જશવંતલાલ મણિલાલ શાહ પરિવારે** (ભાભાનો પાડો) સ્પોન્સર કરેલો હતો.

યુવા પેઢીને ગમે તેવો બીજો એક સુંદર કાર્યક્રમ Treasure Hunt તા. ૨-૧૨-૨૦૧૨ના દિવસે રાખવામાં આવ્યો હતો. તેમાં ૨૭ ગાડીઓએ ભાગ લીધો હતો. Thrilling & Exciting કાર્યક્રમ લોકોએ મનભરીને માણ્યો હતો. આ કાર્યક્રમમાં યુવાન તેમ વૃદ્ધોએ સૌએ ભાગ લીધો હતો. તેમાં સુંદર ઈનામો આપવામાં આવ્યા હતા. આમાં દરેક ગાડીઓને Clue આપવામાં આવી હતી અને તે ઉકેલીને પાછા અમુક ટાઈમમાં આવવાનું હતું. આ સમગ્ર કાર્યક્રમ કનાસા પાડાના શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર શાહ પરિવાર (માટલીવાળા)એ સ્પોન્સર કર્યો હતો. આગામી નવા વર્ષનો કાર્યક્રમ તા. ૬-૧-૨૦૧૩ને રવિવાર સવારના ૯.૦૦ કલાકે નવીનભાઈ ઠક્કર હોલ ખાતે રાખવામાં આવેલ છે.

## શ્રદ્ધાંજલિ

પાટણ મનમોહનજીની શેરીના હાલ ગોરેગામ, મુંબઈસ્થિત ખ્યાતનામ લબ્ધપ્રતિષ્ઠિત ગાયનેકોલોજીસ્ટ ડૉ. **વિજયભાઈ જયંતીલાલ પટણી**નું તા. ૨૪-૧૦-૨૦૧૨ના રોજ ૭૮ વર્ષની જૈફ વયે અવસાન થતાં શ્રી પાટણ જૈન મંડળ દુ:ખની લાગણી અનુભવે છે. તેઓશ્રી સંસ્થાની શૈક્ષણિક તથા તબીબી પ્રવૃત્તિમાં રસ લઈ સદા માર્ગદર્શન આપતા. તેઓશ્રીએ જીવનભર સંબંધો સિંચ્યા, સાચવ્યા અને વિકસાવ્યા હતા. સંસ્થાને અદ્‌ભુત હકારાત્મક ઉર્જા ધરાવતા વાત્સલ્યમયી હિતચિંતક ડૉ. વિજયભાઈને ગુમાવ્યાનું દુ:ખ છે. સંસ્થા હાર્દિક શ્રદ્ધાંજલિ પાઠવે છે.

## શ્રદ્ધાંજલિ

**સમાજની નીચે જણાવેલ વ્યક્તિઓના દુ:ખદ અવસાનની સખેદ નોંધ લઈ, પરિવારના દુ:ખમાં સહભાગી થઈ સંવેદનાની લાગણી વ્યક્ત કરીએ છીએ. પરમકૃપાળુ પરમાત્મા સદ્‌ગતના આત્માને ચિરશાંતિ અર્પે એ જ પ્રાર્થના !**

| જ્ઞાતિ | મહોલ્લો | સ્વર્ગસ્થનું નામ | વય | સ્થળ | તારીખ | તિથિ |
|---|---|---|---|---|---|---|
| દશાશ્રીમાળી | ખેજડાનો પાડો | ભરતકુમાર ગભરૂચંદ શાહ* | ૭૬ | પાટણ | ૧૬-૧૧-૧૨ | કારતક સુદ-૩ |
| વિશાશ્રીમાળી | ઢંઢેરવાડો | મંજુલાબેન કીર્તિલાલ શાહ | ૭૮ | મુંબઈ-ગુલાલવાડી | ૧૭-૧૧-૧૨ | કારતક સુદ-૪ |
| વિશાશ્રીમાળી | વાસુપૂજ્યની શેરી | સુવર્ણાબેન લલીતકુમાર શાહ | ૭૪ | મુંબઈ-કોલાબા | ૧૮-૧૧-૧૨ | કારતક સુદ-૫ |
| દશાશ્રીમાળી | ખજૂરીનો પાડો | રસિલાબેન જયંતીલાલ શાહ | ૬૮ | મુંબઈ-કાંદિવલી | ૨૪-૧૧-૧૨ | કારતક સુદ-૧૧ |
| વિશાપોરવાળ | રાજકાવાડો | શનવીરભાઈ મહાસુખલાલ શાહ* | ૬૨ | મુંબઈ-વાલકેશ્વર | ૨૭-૧૧-૧૨ | કારતક સુદ-૧૪ |
| દશાશ્રીમાળી | વસાવાડો | વિજયાબેન હરેશભાઈ ઝવેરી | ૭૧ | મુંબઈ-કીકા સ્ટ્રીટ | ૦૧-૧૨-૧૨ | કારતક વદ-૩ |
| વિશાપોરવાળ | લખિયાર વાડો | સુરેન્દ્રકુમાર લક્ષ્મીચંદ શાહ | ૭૯ | પાટણ | ૦૩-૧૨-૧૨ | કારતક વદ-૪ |
| વિશાશ્રીમાળી | મા. મહેતાનો પાડો | કંચનબેન જશવંતલાલ શાહ | ૮૭ | પાટણ | ૧૩-૧૨-૧૨ | કરતક વદ ૩૦ |
| વિશાશ્રીમાળી | વાસુપૂજ્યની શેરી | સરસ્વતીબેન સેવંતીલાલ શાહ | ૮૬ | મુંબઈ-વિલેપાર્લે | ૧૮-૧૨-૧૨ | માગસર સુદ૬ |

* ચક્ષુદાન કરેલ છે. ● યુવાનીમાં રક્તદાન ● મૃત્યુ બાદ ચક્ષુદાન ● ત્વચાદાન ● અંગદાન ● દેહદાન કરો અને કરાવો

# સાભાર સ્વીકાર

**મંડળના વિવિધ ફંડો તથા પ્રવૃત્તિઓમાં સ્વૈચ્છિક રીતે, ભેટ આપવા બદલ સર્વે શુભેચ્છકોનો હાર્દિક આભાર**

**રિવોલ્વીંગ (એજ્યુકેશન) ફંડ**

૫૦૦૦૦૦ શ્રીમતી કમળાબેન કાંતિલાલ ઝવેરી અને શ્રી કાંતિલાલ પ્રભુદાસ ઝવેરીના સ્મરણાર્થે
શ્રી ચંદ્રકાંતભાઈ કાંતિલાલ ઝવેરી (ઢંઢેરવાડો)
હસ્તે : શ્રી સમીરભાઈ ચંદ્રકાંતભાઈ ઝવેરી (USA)

**શ્રી દીપકભાઈ ચંપકલાલ ઝવેરી શૈક્ષણિક સહાય ફંડ**

૧૦૦૦૦૦ શ્રી દીપકભાઈ ચંપકલાલ ઝવેરી (મનમોહનજીની શેરી)
હસ્તે :આશિષભાઈ દીપકભાઈ ઝવેરી

**દવા સહાય / વૃદ્ધજન સહાય / શિક્ષણ સહાય ભેટ**

૩૦૨૪ સ્વ. શ્રી શનવીરભાઈ મહાસુખલાલ શાહની સ્મૃતિમાં
હસ્તે : શ્રી શાલીનભાઈ શનવીરભાઈ શાહ
(અજિતનાથની પોળ)

**દવા સહાય (કેન્સર રિલીફ) ભેટ**

૩૦૦૦ સ્વ. શ્રી મહેન્દ્રભાઈ જેશીંગભાઈ શાહ
(કપુર મહેતાનો પાડો) હસ્તે : શ્રી કલ્પનાબેન શાહ

**શિક્ષણ સહાય ભેટ**

૧૦૦૦ શ્રી મણિલાલ ગભરૂચંદ શાહ (મણિયાતી પાડો)
હસ્તે : શ્રી પ્રફુલભાઈ મણિલાલ શાહ
૫૦૧ શ્રી પ્રવીણભાઈ નવિનચંદ્ર શાહ પરિવાર
ચિ. જૈનમ્ મિહીર શાહ (USA) જન્મદિન નિમિત્તે

**હેલ્થકેર સાધન ભેટ**

૧૨૦૦ શ્રી લલિતકુમાર નરોત્તમદાસ શાહ
૧૧૦૦ શ્રી વિનોદભાઈ સફરી
૧૦૦૦ શ્રીમતી માયાબેન લીલારામ અહુજા
૧૦૦૦ શ્રી વિક્રમભાઈ જસુભાઈ શાહ (વખતજીની શેરી)
ચિ. રિદ્ધિ જીમીતભાઈ શાહને ત્યાં પુત્રજન્મની ખુશાલીમાં

* * *

# સ્મૃતિ સરિતાને તીરે...

*સંસ્થાની વિવિધલક્ષી પ્રવૃત્તિઓ સાથે સાંગોપાંગ સંકળાયેલ પ્રતિબિંબની પ્રગતિમાં અનન્ય ફાળો આપનાર સકારાત્મક વિચારસરણી અને હકારાત્મક અભિગમ ધરાવનાર વાત્સલ્યનો વડલો **સ્વ. શ્રી મહાસુખલાલ કેશવલાલ શાહ દેવડાવાળા**ના અવસાનને તા.૩૧-૧૨-૨૦૧૨ ના રોજ દશ વર્ષ પૂરા થતાં શ્રદ્ધા સુમન અર્પણ કરીએ છીએ.*

મોહમ્મદ માંકડ કૃત આધ્યાત્મના ઉંબરાને ઉજાળતું પુસ્તક સુખ એટલે....પૂ.શ્રી મહાસુખભાઈ દેવડાવાળાની પ્રિય કૃતિ હતી. તેઓ કહેતા આ કૃતિ આપણને અચૂક કંઈને કંઈ શીખવી જાય છે.

આપણાં સમાજમાંની પ્રત્યેક વૈભવી, સાધનસંપન્ન કે સુખી કહી શકાય પણ મહાસુખી તો ન જ કહી શકીએ. જીવનની દરેક ક્ષણ સુખમયી હોવા છતાં માનવી વર્તમાનને માણતો નથી. માનવી ભૂતકાળના સ્મરણો અને ભવિષ્યની ચિંતામાં સમય વેડફી દુઃખી થાય છે. કોઈપણ વાતનો ભાર આપણી ઉંઘ બગાડે છે. ખોરાક નથી લેવાતો અને ચિત્ત કોઈ ઠેકાણે કેન્દ્રિત થતું નથી. વધુ પડતી સત્તા, કીર્તિ, વિદ્વતા આપણને ઉધ્ધત બનાવે છે.

'મહાસુખ' ભૌતિક કીર્તિ, વિદ્વતા કે વૈભવથી મેળવી શકાતું નથી. ધ્યેયસિધ્ધિ પ્રાપ્ત કરવા અવિરત જીવન પ્રવાહ સાથે આગળ વધવાના પ્રયત્નો આદરવા જોઈએ. કોઈપણ દુઃખ કે વિટંબણા વધુ રોકાતી નથી. તે પણ સમય મર્યાદા હોય જ છે. ફરીયાદ કરવાને બદલે મળ્યું છે તે માણી મહાસુખને બારણે ટકોરા મારવા દેવા જોઈએ. આપણે સાવ નિર્ધન થયા છીએ, એમ લાગે ત્યારે શરીરના અવયવો શી કિંમતે વેચી તેવું વિચારીએ ? આપણા અણમોલ અંગો આપણને નિર્ધન કે નિર્માલ્ય ન જ બનવા દે ! કોઈપણ જાતની રમણા કે ભ્રમણામાં રાચ્યા વગર વર્તમાનનું સુખ આપણને મહાસુખી બનાવી શકે !

અસાધારણ કીર્તિ, રૂપ, ધન કે સત્તા સદાને માટે રહેતા નથી. કુદરત કયાંકને કયાંક જીવનના સમીકરણો તેની રીતે ગોઠવી જ દે છે. માટે સુખ કે દુઃખ કયારેય સનાતન રહેતા નથી. ધૈર્ય અને સહનશકિત જીવન પ્રવાહને પલટાવા શકિતમાન છે. જે સહન કરી સામનો કરે છે તે પાર ઉતરે છે અને ભાંગી પડે છે તે નિષ્ફળતાને વરે છે.

હકારાત્મક અભિગમ અપનાવી ચિંતારહિત સંવેદનાઓથી સભર રહેવું. કહેવાય છે કે, ફિનિક્સ પંખી સળગ્યા પછી રાખમાંથી નવા સ્વરૂપે જન્મે છે તો આપણે કેમ નહીં ? એબીસી માંથી કેબીસી સુધી માત્ર અમિતાભ જ પહોંચે તે જરૂરી નથી. સદ્‌ગુણ સાથે જન્મવું સદ્‌ભાગ્ય છે પરંતુ સદ્‌ગુણો વિકસાવવા માટે પુરૂષાર્થ આવશ્યક છે. શંકા અને ડર રાખવાથી નિષ્ફળતા જ સાંપડે. પોતાના ક્ષેત્રમાં નિપૂણ હોય તેવા માણસો આપણી આસપાસ ઓછા નથી ! તંદુરસ્તો અનેક છે. પૈસા તો મૂર્ખાઓ પાસે પણ અઢળક હોય છે. કીર્તિ માત્ર અસામાન્ય માણસોને મળે છે તેવું નથી. ફક્ત મનની શાંતિ એવી ચીજ છે જે બધી રીતે સ્વસ્થ અને ઉત્તમ વ્યક્તિઓ જ પ્રાપ્ત કરી શકે છે. નુકશાનકારક ચંચુપાતથી અલિપ્ત રહી માનવીના મેળે વિહરવું જોઈએ. આપણા વડીલો જેવો પોતીકો સમય આપણી પાસે નથી અને છે તે એકતા કપુર સ્વાહા કરી જાય છે, માટે આપણી અને સમયની ગતિનો મેળ બેસતો નથી.

પોતા પ્રત્યે નકારાત્મક વલણ જેવું કે અસંતોષ, ક્રોધ કે અન્યો સાથેની સરખામણી પોતાની સાથે કરવી. ભૂત અને ભવિષ્યના નકામા વિચારો કરવા, અન્યોનો વાંક જોવો એને સારા નરસાનું ભાન ગુમાવી આપણે સમય વેડફીએ છીએ. આનંદી અને આત્મશ્રધ્ધાવાળો માનવી ધૂની પણ સ્વસ્થ અને સમતુલન જાળવનાર હોય છે. તો ચાલો કર્મના મર્મને જાણી સરળ નિર્દંભી અને ચિંતારહિત જીવન માણી મહાસુખ માણીએ.

**જીવન જીવવું એટલે પ્રેમ કરો, શીખો, વિચારો, આપો, હસો અને સૌને હૈયે વસો.**

**□ શ્રી પાટણ જૈન મંડળ**

PATAN PRATIBIMB ● DECMEBER 2012 ● PRICE Rs. 2/- ● Posted at Patrika Chennel Sorting Office, Mumbai-400001 on 25th or 26th of every month. Regd. No. MH / MR/ South–135 / 2012–14
Published on 15th of every month

Extending helping hand in the education, selfreliance & medical requirements of the needy members of the society with the co-operation of sincere, elite, affluent & compassionate donors of the community

## SHREE PATAN JAIN MANDAL

## SAMAJ VIKAS FUND

A NOVEL & UNIQUE CONSTRUCTIVE APPROACH

### MUKHYA DATA

- Babu Panalal Poonamchand Charitable Trust, Khajurino Pado
- Babu Saheb Nanakchandji Pooranchandji Trust, Khajurino Pado
- Babu Jivanlal Panalal Trust, Khajurino Pado
- Smt. Gunvantiben Pravinchandra Keshrichand Shah, Dhandhervado
- Smt. Hasumatiben Rameshchandra Bapulal Shah,
  By : Shrimati Moniakben Sanjaybhai Shah, Dank Mahetano Pado
- Shri Harsukhlal Bapulal Shah and Shrimati Rasilaben Harsukhlal Shah,
  By : Shri Nirmalbhai, Shri Anilbhai, Shri Jayeshbhai & Shri Shirishbhai, Lakhiyar Vado/Kanasano Pado
- Smt. Gulabben Ramanlal Shah, Vakhatjini Sheri
  By : Shri Hitenbhai Pravinchandra Shah
- Smt. Nirmalaben Ravindrabhai Mohanlal Shah, Khajurino Pado
- Shri Mafatlal Chudghar Cheritable Trust, Chodhrini Sheri
- Smt. Kusumben Rasiklal Himatlal Shah, Dank Mahetano Pado
  By : Shrimati Kalpnaben, Shrimati Ashaben, Shrimati Meetaben
- Shri Kirtilal Somchand Shah, Kokano Pado
- Smt. Hansaben Rameshchandra Popatlal Shah,
  By : Shri Jitenbhai, Kanasano Pado
- Smt. Vasumatiben Sevantilal Shah, Chitarani Khadki
- Smt. Lilavatiben Panalal Manilal Shah, Vasavado
- Shri Deepakbhai Champaklal Jhaveri (Manmohanjini Sheri)By: AashishJhaveri
- Shri Rameshchandra Chhabildas Zaveri, Manmohanjini Sheri

### ADHARSTHAMBH DATA

- Shri Hitenbhai Champaklal Shah (Vimawala), Khetarvasi
- Shri Pravinchandra Vrujlal Shah (Mantri)
  By: Shri Viresh Pravinchandra Shah, Kanasano Pado
- Shri Hemantbhai Kantilal Salvi, Salvi Vado
- Shri Shantilal Rikhavchand Shah, Kokano Pado
- Shri Navinbhai Nemchandbhai Shah (Gunderwala), Vasupujyani Sheri
- Shri Navinchandra Khubchand Shah, Dhandhervado
- Smt. Pushpaben Sevantilal Shah, Dank Mahetano Pado
- Shri Sudhirbhai Navinchandra Shah, Marfatiya Mahetano Pado
- Shri Mahasukhlal Keshavlal Shah,
  By: Shri Pankajbhai, Shri Rohitbhai, Shri Bharatbhai (Marfatiya Mahetano Pado)
- Shri Rakeshbhai Kantilal Shah-Chowpatty.
  In Memory of Smt. Geetaben Rakeshbhai Shah
- Shri Sureshbhai Chimanlal Choksi, Zaveri Vado

### SAMAJ VIKAS FUND SAHAYAK DATA

- Shri J. K. Shah, Bhabhano Pado
- Shri Vinodbhai Hiralal Shah (Ladiwala), Kanasano Pado
- Smt. Vimlaben Bhogilal Shah (Jafujiwala), Tamboli Vado
- Smt. SushilabenVarjivandas Shah, Khajurino Pado

### SHUBHECHHAK DATA

- Shri Kritishbhai Bhaveshbhai Devendrabhai Shah,
  By: Shri Devendrabhai Bhogilal Shah (Jafujiwala), Tamboli Vado

## LAND AND BUILDING FUND

**Late Smt. Gitaben Rakeshbhai Shah - Rs. 2 Crores**

## *REVOLVING FUND : Target Rs. 5 Crores*

**To provide interest free Educational Loan**

| DONOR | Donation In 5 Yrs. |
|---|---|
| **Smt. Subhadraben Ramanlal Popatlal Shah,** Kumbhariya Pado | Rs. 25 Lakhs |
| **Smt. Bhagwatiben Vinodbhai Matlivala,** Kanasano Pado by Shri Daneshbhai, Shri Bhagyeshbhai, Shri Sukeshbhai, Shri Dhirenbhai | Rs. 25 Lakhs |
| **Babu Panalal Punamchand Charitable Fund,** Khajurino Pado | Rs. 15 Lakhs |
| **Dr. Mahendrabhai Chandulal Shah & Dr. Lilaben M. Shah,USA (Lakhiar Wado)** | Rs. 10 Lakhs |
| **Smt. Kanchanben Kantilal Jhaveri** (Maniyati Pado) by Smt. Neenaben, Smt. Kalpanaben. | Rs. 5 Lakhs |
| **Shri Keshavlal Kilachand Charitable Trust Kumbharia Pado** | Rs. 5 Lakhs |
| **Smt. Gulabben Chimanlal Valamji Choksi** By Smt. Vinaben Sureshbhai Choksi (Zaveri Vado) | Rs. 5 Lakhs |
| **Dr.Smt. Kunjbalaben & Dr. Vijaybhai Jayantilal Patni** (Manmohanji ni Sheri) | Rs. 5 Lakhs |
| **Smt. RohinibenVikrambhai Shah**(Dank Mehtano Pado) (In her Memory) By Shri Ronakbhai, Smt. Darshnaben, Shri Shrenikbhai & Smt. Komalben | Rs. 5 Lakhs |
| **Late Smt. Kantaben & Shri Kantilal Prabhudas Jhaveri** By Shri Samir Chandrakant Jhaveri (Dhandher Vado) | Rs. 5 Lakhs |

## MEMORIAL FUND

MOST WELCOME & WORTH FOLLOWING DONATION MADE THROUGH THE WILL

| Name of the donor | Amount of donation |
|---|---|
| ● Smt. Pannaben Kapoorchandbhai Sonawala, Manmohanjini Sheri | **Rs. 8 Crores** |
| ● Smt. Nirmalaben (Deviben), Shamlaji ni Sheri. In memory of Late Shri Dhirajlal Popatlal Shah | **Rs. 10 Lakhs** |

The donors donating in **MEMORIAL FUND** through their will -- it can be utilised for special activites of the **MANDAL**

TO,

Edited,Printed & Published by MAHENDRA NEMCHAND SHAH on behalf of SHRI PATAN JAIN MANDAL and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industries, Dadaji Konddev Cross Road, Byculla, Mumbai-400 027. And Published at 77, Patan Jain Mandal Marg, Marine Drive, Mumbai-400020.